ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ વદ એકમ ગુરુવાર ૩૦ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૩૭

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

પેપર લીક વિરોધી કાયદામાં કડક સુધારાને લોકસભાની મંજૂરી

સુધારેલા બિલની મહત્વની જોગવાઈઓ

2024ના કાયદામાં સુધારો કરતા બિલમાં પરીક્ષામાં ગેરરીતિ કરનારા સામે વધુ કડક સજાની જોગવાઈ છે

નવી દિલ્હી, તા. 29 (TI): લોકસભાએ બુધવારે પસાર કરેલા પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એમેન્ડમેન્ટ બિલ-2026માં પેપર લીક અને પરીક્ષામાં ગેરરીતિ કરનારા સામે વધુ કડક સજાની જોગવાઈ કરવામાં આવી છે.

આ કાયદાનો હેતુ વ્યક્તિઓ, સંગઠિત ગેંગો અને સંસ્થાઓને પરીક્ષામાં ગેરરીતિ કરતા રોકવાનો છે, જેથી જાહેર પરીક્ષાઓની વિશ્વસનીયતા અને પવિત્રતા જળવાઈ રહે.

2024ના કાયદામાં સુધારો કરતા આ બિલની મુખ્ય જોગવાઈઓ આ મુજબ છે:

1. તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ કાયદા હેઠળના ગુનાઓની ઝડપી સુનાવણી માટે કોઈપણ સેશન કોર્ટને વિશેષ ફાસ્ટ-ટ્રેક કોર્ટ તરીકે નિયુક્ત કરવાની સત્તા આપવામાં આવશે.

2. વિશેષ ફાસ્ટ-ટ્રેક કોર્ટમાં કેસની રોજબરોજ સુનાવણી થશે અને ચાર્જશીટ દાખલ થયાની તારીખથી ત્રણ મહિનાની અંદર સુનાવણી પૂર્ણ કરવી ફરજિયાત રહેશે.

3. કેન્દ્ર સરકારને આવા ગુનાઓની તપાસ માટે વિશેષ ટાસ્ક ફોર્સની રચના કરવાની સત્તા મળશે.

4. આ કાયદા હેઠળ નોંધાયેલા ગુનાઓની તપાસ બે મહિનાની અંદર પૂર્ણ કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

5. તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશો આ કાયદા હેઠળના કેસો ચલાવવા માટે એક અથવા વધુ વિશેષ સરકારી વકીલની નિમણૂક કરી શકશે.

6. કોર્ટના ચુકાદા, સજા અથવા આદેશ સામે હાઈકોર્ટની બે જજોની બેન્ચ સમક્ષ અપીલ કરી શકાશે અને અપીલ સ્વીકાર્ય બન્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર તેનો નિકાલ કરવાનો રહેશે.

7. પેપર લીક અથવા પરીક્ષામાં ગેરરીતિમાં સંડોવાયેલા વ્યક્તિઓને ઓછામાં ઓછી પાંચ વર્ષથી લઈને વધુમાં વધુ 10 વર્ષની જેલ તથા રૂ. 50 લાખ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

8. સંગઠિત રીતે પેપર લીક જેવા ગુનાઓ કરનારાઓ માટે ઓછામાં ઓછી સાત વર્ષની જેલ અને રૂ. 10 કરોડ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

સરકારે 2024માં પેપર લીકના વધતા વિવાદોને ધ્યાનમાં રાખીને મૂળ કાયદો અમલમાં મૂક્યો હતો.

...અનુસંધાન પાના 11 પર

સરકાર અનુભવમાંથી શીખવા તૈયાર: મંત્રી જિતેન્દ્ર સિંહ

2024માં પેપર લીક વિરોધી કાયદો અમલમાં આવ્યા બાદ અત્યાર સુધી 52 એફઆઈઆર નોંધાઈ

વિરોધ પક્ષે બિલના રાજકીયકરણનો આક્ષેપ કર્યો

નવી દિલ્હી, તા. 29 (PTI): લોકસભાએ બુધવારે જાહેર પરીક્ષાઓમાં પેપર લીક અને ગેરરીતિઓ રોકવા માટેના કાયદામાં સુધારો કરતું 'પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એમેન્ડમેન્ટ બિલ, 2026' પસાર કર્યું. સરકારનું કહેવું છે કે અનુભવમાંથી શીખીને કાયદાને વધુ અસરકારક બનાવવા માટે તેમાં કડક જોગવાઈઓ ઉમેરવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે જણાવ્યું કે નીટ પેપર લીક મામલે સરકારે તાત્કાલિક કાર્યવાહી કરી હતી અને 2024માં પેપર લીક વિરોધી કાયદો અમલમાં આવ્યા બાદ અત્યાર સુધી 52 એફઆઈઆર નોંધાઈ છે. તેમણે કહ્યું કે સુધારા દ્વારા સરકાર એ દર્શાવી રહી છે કે તે અનુભવમાંથી શીખવા તૈયાર છે. પેપર લીક સંબંધિત બનાવોને કારણે થતા આપઘાતના બનાવોમાં પણ છેલ્લા કેટલાક વર્ષોમાં ઘટાડો નોંધાયો હોવાનું તેમણે જણાવ્યું.

વિપક્ષના વિરોધ વચ્ચે સિંહે કહ્યું કે આવા મહત્વના બિલ પર ગંભીર ચર્ચા કરીને સૂચનો આપવાને બદલે તેને રાજકીય મુદ્દો બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તેમણે લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર સંસદીય પરંપરા અને સરકારની કાર્યપદ્ધતિ અંગે પૂરતી સમજ ન હોવાનો પણ આક્ષેપ કર્યો. કોંગ્રેસના ગૌરવ ગોગોઈએ વિદ્યાર્થીઓ પર અત્યાચાર થયાનો આરોપ મૂકતાં સિંહે જવાબ આપ્યો કે પોલીસ કાર્યવાહી દરમિયાન અત્યંત સંયમ રાખવામાં આવ્યો હતો અને જાનહાનિ ન થાય તેની ખાસ કાળજી લેવામાં આવી હતી.

સુધારેલા બિલ મુજબ પેપર લીકના કેસોની તપાસ બે મહિનામાં પૂર્ણ કરવાની રહેશે. આવા ગુનામાં સંડોવાયેલા વ્યક્તિને ઓછામાં ઓછી પાંચ વર્ષ અને વધુમાં વધુ 10 વર્ષની જેલ તેમજ રૂ. 50 લાખ સુધીનો દંડ થઈ શકશે. સંગઠિત ગુનાઓ માટે ઓછામાં ઓછી સાત વર્ષની જેલ અને રૂ. 10 કરોડ સુધીના દંડની જોગવાઈ છે. બિલ પસાર થયા બાદ લોકસભાની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી.

બોઈંગ ડ્રીમલાઈનર ફ્યુઅલ સ્વિચ તપાસ: બોઈંગને કોઈ ખામી ન મળી

લંડન-બેંગલુરુ ફ્લાઇટના પાઇલટની ફરિયાદ બાદ રાજ્યસભામાં કેન્દ્રીય મંત્રીનો ખુલાસો: જો કે દુર્ઘટનાગ્રસ્ત થયેલી એર ઇન્ડિયાની AI171 ફ્લાઇટનો ઉલ્લેખ નહીં

નવી દિલ્હી, તા. 29 (PTI): સરકારે જણાવ્યું છે કે ચાલુ વર્ષે ફેબ્રુઆરીમાં લંડન હીથ્રો-બેંગલુરુ ફ્લાઈટ બાદ એર ઈન્ડિયાના પાઈલટે ડ્રીમલાઈનર વિમાનની ફ્યુઅલ કંટ્રોલ સ્વિચમાં સંભવિત ખામી અંગે જાણ કર્યા પછી બોઈંગ દ્વારા કરવામાં આવેલી વિગતવાર તપાસમાં કોઈ અસામાન્યતા કે તકનીકી ખામી મળી નથી. જોકે, સંપૂર્ણ 'થ્રસ્ટ કંટ્રોલ મોડ્યુલ'ની વધુ તપાસ હજુ પણ ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર (OEM)ની સુવિધા ખાતે ચાલુ છે.

રાજ્યસભામાં લેખિત જવાબમાં નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રી મુરલીધર મોહોલે જણાવ્યું હતું કે, 2 ફેબ્રુઆરીએ એર ઈન્ડિયાની AI132 ફ્લાઈટના પાઈલટે લંડનથી બેંગલુરુની ઉડાન પૂર્ણ કર્યા બાદ બોઈંગ 787-8 ડ્રીમલાઈનરના ફ્યુઅલ કંટ્રોલ સ્વિચમાં સંભવિત ખામી હોવાનો અહેવાલ આપ્યો હતો. ત્યારબાદ વિમાનને તપાસ માટે ગ્રાઉન્ડ કરવામાં આવ્યું હતું અને ડીજીસીએએ સીઅટલમાં ફ્યુઅલ

...અનુસંધાન પાના 11 પર

બંગાળમાં પૂર્વ બસ ડ્રાઇવરના ઘરેથી ૨૦ કરોડથી વધુ રોકડ અને ૧૫ કિલો સોનું જપ્ત

ગેરકાયદે ખાણકામ સામે પોલીસની મોટી કાર્યવાહી

સૂરી (પશ્ચિમ બંગાળ), તા. 29 (PTI): પશ્ચિમ બંગાળમાં તાજેતરના સમયમાં શંકાસ્પદ રીતે એકત્ર કરાયેલા ગેરકાયદે રોકડ અને સોનાની સૌથી મોટી વસૂલાતમાંથી એકમાં, પોલીસે બુધવારે પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લામાં સરકારી બસના ભૂતપૂર્વ ડ્રાઇવર અને બાદમાં પથ્થરના વેપારી બનેલા વ્યક્તિની મિલકતમાંથી ઓછામાં ઓછા રૂ. ૨૦ કરોડ રોકડા અને ૧૫ કિલો સોનું જપ્ત કર્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે, તેઓએ દેઉચા ગામમાં મિનાર મંડલના બે માળના નિવાસસ્થાનેથી એક-એક કિલોગ્રામ વજનના ૧૪ ગોલ્ડ બાર અને ૧૦૦-૧૦૦ ગ્રામના ૧૦ ગોલ્ડ બિસ્કિટ રિકવર કર્યા છે, જેની વર્તમાન બજાર કિંમત આશરે રૂ. ૨૧.૫ કરોડ જેટલી થાય છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, બહુવિધ થેલીઓમાં ભરેલી રોકડ રકમની આ અહેવાલ ફાઇલ કરવાના સમય સુધી ગણતરી ચાલુ હતી અને તે રૂ.૨૦ કરોડને વટાવી ચૂકી હતી.

પોલીસે મિનારની ઓળખ ફરાર વેપારી તુલ્લુ મંડલ ઉર્ફે મોહમ્મદ નજીબુદ્દીનના સાળા તરીકે કરી હતી, જે બીરભૂમના પથ્થરની ખાણકામના વ્યવસાયમાં નોંધપાત્ર હિત ધરાવે છે અને જેમને મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ 'રેતી માફિયા' તરીકે વર્ણવ્યા હતા. આ વસૂલાત બીરભૂમમાં કથિત ગેરકાયદે ખનન અને મહેસૂલ નુકસાન સામેની વ્યાપક કાર્યવાહી વચ્ચે આવી છે, જે જિલ્લો ગેરકાયદે ખાણકામ અને પથ્થરના વેપાર સાથે સંકળાયેલા સંગઠિત ગુનાઓના આરોપો હેઠળ લાંબા સમયથી તપાસના દાયરામાં છે. આ રિકવરીએ જુલાઈ ૨૦૨૨માં

...અનુસંધાન પાના 11 પર

દિલ્હી ડાયરી

સંઘના મુખપત્રમાં બીડીની જાહેરાતનો વિરોધાભાસ

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને સંઘના અંગ્રેજી સામયિક અને તેના મુખપત્ર 'ઓર્ગેનાઇઝર'ના ૮૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે યોજાયેલા એક કાર્યક્રમમાં આરએસએસના પ્રારંભિક દિવસોના પ્રકાશનને યાદ કરીને હળવી શૈલીમાં વાત કરી હતી. સભાને સંબોધતાં રાધાકૃષ્ણને કહ્યું કે, લાંબા સમય સુધી આરએસએસના લગભગ દરેક પ્રકાશનમાં માત્ર એક જ વિજ્ઞાપનદાતા હતા–મંગલોર ગણેશ બીડી. સંઘને ટેકો આપવા બદલ બીડી ઉત્પાદક કંપનીનો આભાર માનતા રાધાકૃષ્ણને કટાક્ષ કર્યો હતો કે, આ જાહેરાત એવા લોકો માટે હતી જેઓ ભાગ્યે જ તેના ગ્રાહક હતા. કારણ કે, તેમણે "ક્વચિત જ કોઈ સ્વયંસેવકને ધૂમ્રપાન કરતા જોયા છે." આ કંપનીનું યોગદાન 'રાષ્ટ્રના હિતમાં' આપવામાં આવ્યું હતું. પ્રશ્ન એ થાય છે કે બીડી ઉત્પાદક કંપની આરએસએસના સામયિકમાં જાહેરાતો આપીને રાષ્ટ્રહિત

...અનુસંધાન પાના 11 પર

BS-III વાહનોમાં E20થી રબરના ભાગો અને ગેસ્કેટ બદલવા પડી શકે: સરકાર

૨૦૧૬ પહેલાં બનેલા વાહનોમાં એન્જિનમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી

જૂના વાહનોના પરફોર્મન્સ, ડ્રાઇવેબિલિટી, સ્ટાર્ટિંગ પર કોઈ ખાસ વિપરીત અસર જોવા મળી નથી

નવી દિલ્હી, તા. 29 (PTI): સરકારે બુધવારે રાજ્યસભામાં લેખિત જવાબ આપતાં જણાવ્યું હતું કે, 1 એપ્રિલ, 2005થી અમલમાં આવેલા અને 2016 પહેલાં ઉત્પાદિત થયેલા BS-III વાહનોમાં E20 ફ્યુઅલ (20 ટકા ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ)નો ઉપયોગ કરવાથી તેના અમુક રબરના ભાગો અને ગેસ્કેટ બદલવાની જરૂર પડી શકે છે.

જોકે, માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ સ્પષ્ટ કર્યું હતું કે 'વાહનની રેગ્યુલર સર્વિસ દરમિયાન આ પાર્ટ્સ સરળતાથી બદલી શકાય છે.'

ઈન્ડિયન ઓઈલ (IOCL), IIP દહેરાદૂન, SIAM અને ARAI દ્વારા કરાયેલા સંયુક્ત અભ્યાસનો હવાલો આપતાં મંત્રીએ જણાવ્યું કે 'E20 ઈંધણના ઉપયોગથી કાર કે ટૂ-વ્હીલરના એન્જિનમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી. જૂના વાહનોના પરફોર્મન્સ, ડ્રાઈવેબિલિટી, સ્ટાર્ટિંગ કે મેટલ/પ્લાસ્ટિક સુસંગતતા પર કોઈ ખાસ વિપરીત અસર જોવા મળી નથી.' E20 ઈંધણના કારણે માઈલેજ ઘટવા અને જૂના વાહનોને નુકસાન થવાની વિપક્ષો અને ગ્રાહક મંડળોની ચિંતાઓ સામે ગડકરીએ સ્પષ્ટતા કરી હતી કે 'વાહનની માઈલેજ માત્ર ઈંધણ પર નહીં પરંતુ અન્ય ઘણા પરિબળો પર આધાર રાખે છે. નીતિ આયોગ હેઠળ રચાયેલી આંતર-મંત્રાલય સમિતિના 2021ના 'રોડમેપ ફોર ઈથેનોલ બ્લેન્ડિંગ 2020-25' રિપોર્ટ અને વ્યાપક પરીક્ષણો બાદ જ આ નિર્ણય લેવાયો છે.' ગડકરીએ વધુમાં કહ્યું કે, 'ભારતમાં 2001થી તબક્કાવાર શરૂ થયેલો આ ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ (EBP) પ્રોગ્રામ વૈજ્ઞાનિક રીતે ચકાસાયેલો છે. બ્રાઝિલ જેવા દેશો દાયકાઓથી વધુ ઈથેનોલ મિશ્રણનો ઉપયોગ કરી રહ્યા છે. ઓટોમોબાઈલ ઉત્પાદકો પણ E20 ઈંધણ વાપરતા વાહનો પર વોરંટીનો દાવો માન્ય રાખી રહ્યા છે.'

પીઓકેના પ્રદર્શનકારીઓ ભારત જેવા જ દુશ્મન: પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી

પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચેની અથડામણમાં સોમવારથી બુધવાર સુધીમાં 37 લોકોનાં મોત

મંત્રી ખ્વાજા આસિફે પ્રદર્શનકારીઓ સાથે વાતચીતનો સ્પષ્ટ ઇનકાર કર્યો

જેએએસીએ આંતરરાષ્ટ્રીય તબીબી સંસ્થા 'ડોક્ટર્સ વિધાઉટ બોર્ડર્સ'ને તાત્કાલિક પોતાની સ્વતંત્ર મેડિકલ ટીમો મોકલવા વિનંતી કરી

ઈસ્લામાબાદ, તા. 29 (PTI): પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે)માં વિરોધ કરી રહેલા પ્રદર્શનકારીઓને ભારત જેવા જ 'શત્રુ' ગણાવતાં તેમની સાથે કોઈ પણ પ્રકારની વાતચીત નહીં કરવામાં આવે તેવી સ્પષ્ટ જાહેરાત કરી છે.

પ્રતિબંધિત જોઈન્ટ અવામી એક્શન કમિટી (જેએએસી) એ જણાવ્યું કે સોમવારથી અત્યાર સુધીમાં સુરક્ષા દળો દ્વારા કરાયેલી કાર્યવાહીમાં મહિલાઓ અને બાળકો સહિત 37 નિઃશસ્ત્ર લોકોનાં મોત થયા છે. વધુમાં, હોસ્પિટલો સૈન્યના કબ્જા હેઠળ છે, તબીબોને હટાવી દેવાયા છે અને દવાનો સ્ટોક ખૂટી ગયો છે. મૃતકો કે ઈજાગ્રસ્તોને ઉપાડવા જતા સ્વયંસેવકો પર પણ ગોળીબાર થઈ રહ્યો છે.

જેએએસીએ આંતરરાષ્ટ્રીય તબીબી સંસ્થા 'ડૉક્ટર્સ વિધાઉટ બોર્ડર્સ' (Doctors Without Borders)ને રાવલાકોટ ખાતે તાત્કાલિક પોતાની સ્વતંત્ર મેડિકલ ટીમો મોકલવા વિનંતી કરી છે.

જોકે કાયદા અમલવારી એજન્સીઓએ આ આંકડાને નકારતાં આરોપ મૂક્યો કે પ્રદર્શનકારીઓએ જ સુરક્ષા દળો પર ગોળીબાર કર્યો હતો.

આસિફે કહ્યું કે પ્રદર્શનકારીઓ સાથે કોઈ સંવાદ નહીં થાય અને તેઓ પાકિસ્તાનના શત્રુ સમાન છે. બીજી તરફ વડા પ્રધાનના સલાહકાર રાણા સનાઉલ્લાહે જણાવ્યું કે જેએએસીએ તેમની સાથે બેઠક કરી 38 માગણીઓ

...અનુસંધાન પાના 11 પર

આ વિરોધ પ્રદર્શનો પાકિસ્તાનના વહીવટી દમનનું પરિણામ: ભારત

ભારતે આ ચૂંટણીને પાકિસ્તાનના ગેરકાયદે કબજાને છુપાવવાનો પ્રયાસ ગણાવ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે સમગ્ર જમ્મુ-કાશ્મીર અને લડાખ, જેમાં પાકિસ્તાનના ગેરકાયદે કબજા હેઠળનો વિસ્તાર પણ સામેલ છે, તે ભારતનો અભિન્ન ભાગ છે. તેમણે કહ્યું કે પીઓકેમાં ચાલી રહેલા વ્યાપક વિરોધ પ્રદર્શનો પાકિસ્તાનના આર્થિક શોષણ, મૂળભૂત અધિકારોના હનન અને વહીવટી દમનનું સીધું પરિણામ છે.

મતદાર ઓળખપત્ર, આધાર-પાન નાગરિકત્વનો નિર્ણાયક પુરાવો નહીં: કલકત્તા હાઈકોર્ટ

અટકાયતમાં રહેલો શખ્સ તેના માતા-પિતાના દફનસ્થળ વિશે માહિતી આપી શક્યો ન હતો

કાયદા મુજબ અરજદાર ભારતીય નાગરિકત્વ સાબિત કરવામાં નિષ્ફળ જતા કોર્ટે અરજી ફગાવી

કોલકાતા, તા. 29 (PTI): કલકત્તા હાઈકોર્ટે મહત્વપૂર્ણ નિરીક્ષણ કરતાં કહ્યું છે કે મતદાર ઓળખપત્ર, આધાર કાર્ડ અને પાન કાર્ડ ભારતીય નાગરિકત્વનો નિર્ણાયક પુરાવો ગણાવી શકાય નહીં.

આ ટિપ્પણી સુમાન મોલ્લાએ દાખલ કરેલી હેબિયસ કોર્પસ અરજીની સુનાવણી દરમિયાન કરવામાં આવી હતી. અરજદારનો દાવો હતો કે તેના ભત્રીજા નાસિરનું નામ પશ્ચિમ બંગાળમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) દરમિયાન મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યું હતું અને અપીલ બાકી હોવા છતાં તેને ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવ્યો છે.

અરજદારે નાસિરના મતદાર ઓળખપત્ર, આધાર કાર્ડ, પાન કાર્ડ અને બેંક પાસબુક રજૂ કરીને તેને ભારતીય નાગરિક ગણાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, જસ્ટિસ દેબાંગસુ બસાક અને અજય કુમાર ગુપ્તાની બેન્ચે જણાવ્યું કે આ દસ્તાવેજો ભારતીય નાગરિકત્વનો અંતિમ પુરાવો બની શકતા નથી. બેન્ચે નોંધ્યું કે મતદાર ઓળખપત્ર માત્ર મતદાર યાદીમાં નામ નોંધાયેલું હોવાનું દર્શાવે છે, જ્યારે નાસિરનું નામ 2026ની SIR પ્રક્રિયામાં કાઢી નાખવામાં આવ્યું હતું. બેંક ખાતું હોવું પણ નાગરિકત્વનો પુરાવો નથી.

કોર્ટે જણાવ્યું કે અરજદાર અને નાસિર ઈમિગ્રેશન એન્ડ ફોરેનર્સ એક્ટ, 2025 હેઠળ ભારતીય નાગરિકત્વ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યા છે. તેથી સત્તાવાળાઓના નિર્ણયમાં દખલ કરવાનો ઈનકાર કરીને અરજી ફગાવી દેવામાં આવી.

કેન્દ્ર સરકાર તરફથી રજૂઆત કરવામાં આવી કે 18 જૂન, 2026ના રોજ જારી કરાયેલા ડિટેન્શન આદેશમાં તપાસ બાદ નાસિરને બાંગ્લાદેશી નાગરિક હોવાનું નોંધાયું હતું. કોર્ટે એ પણ નોંધ્યું કે નાસિર તેના માતા-પિતાના દફનસ્થળ વિશે

...અનુસંધાન પાના 11 પર

પાછલી તારીખથી પર્યાવરણ મંજૂરી માટે વહીવટી આદેશ માન્ય નહીં: સુપ્રીમ

2021નો મેમોરેન્ડમ રદ કર્યો, અગાઉ મંજૂરી મેળવનારા પ્રોજેક્ટોને રાહત, કેન્દ્રને રાહત યોજના ઘડવાની મંજૂરી

નવી દિલ્હી, તા. 29 (PTI): સુપ્રીમ કોર્ટે પર્યાવરણીય મંજૂરી (એન્વાયરમેન્ટ ક્લિયરન્સ-EC) લીધા વિના શરૂ કરાયેલા પ્રોજેક્ટોને પાછલી તારીખથી મંજૂરી આપવાની જોગવાઈ કરતો 2021નો ઓફિસ મેમોરેન્ડમ (OM) બુધવારે રદ કરી દીધો. કોર્ટે કહ્યું કે પર્યાવરણ સુરક્ષા સંબંધિત કાનૂની જોગવાઈઓમાં માત્ર વહીવટી આદેશથી ફેરફાર કરી શકાય નહીં.

ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને વિપુલ એમ. પંચોલીની બેન્ચે સ્પષ્ટ કર્યું કે આ ચુકાદો ભવિષ્યમાં અમલમાં આવશે. તેથી 2021ના મેમોરેન્ડમ હેઠળ અગાઉ મંજૂરી મેળવનારા પ્રોજેક્ટો સામે તોડફોડ અથવા અન્ય દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે નહીં.

કોર્ટે કહ્યું કે પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, 1986ની કલમ 3 હેઠળ કેન્દ્ર સરકાર જરૂરી હોય તો જાહેર હિતમાં નિયમિત ન હોય એવા પ્રોજેક્ટો માટે કાયદેસર નોટિફિકેશન દ્વારા રાહત યોજના બનાવી શકે છે, પરંતુ માત્ર ઓફિસ મેમોરેન્ડમથી પાછલી તારીખથી મંજૂરી આપી શકતી નથી.

બેન્ચે કહ્યું કે 2021નો મેમોરેન્ડમ 2006ની પર્યાવરણીય મંજૂરી સંબંધિત જોગવાઈઓમાં વહીવટી આદેશ દ્વારા ફેરફાર કરવાનો પ્રયાસ કરે છે, જે કાયદેસર નથી. ઉપરાંત, તમામ પ્રોજેક્ટોને લાગુ પડતી કાયમી રાહત યોજના પર્યાવરણ સંરક્ષણ અધિનિયમના ઉદ્દેશ સાથે સુસંગત નથી અને બંધારણની કલમ 14 તથા 21નું પણ ઉલ્લંઘન કરે છે.

કોર્ટે કેન્દ્ર સરકારને ભવિષ્યમાં આવા કેસોમાં વહીવટી આદેશ દ્વારા

...અનુસંધાન પાના 11 પર

તા. ૨૯-૦૭-૨૦૨૬નું વડોદરા શહેરનું

હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો 0.0 મીમી	મોસમનો ૪૧૩ મીમી

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	૩૧.૪ સે.	૨૭.૦ સે.	૭૬%